ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી
તા. ૧૧-૭-૨૦૨૧, રવિવાર



હિંમતનગર । મોડાસા । બાયડ । ભીલોડા । ખેડબ્રહ્મા । તલોદ । શામળાજી । પ્રાંતિજ । ધનસુરા । પોશીના । હરસોલ । ઈડર । વિજયનગર । માલપુર । મેઘરજ । વડાલી । ખંભીસર

### ખારીબેડીના જંગલમાં એસ.આર.પી.ની

# સુરક્ષા સાથે હદબાણ તૈયાર કરવાની કામગીરી

## વન કર્મી પર હુમલો કરનારા આરોપી ફરાર : વન કર્મીઓ હજુય ભયના ઓથાર હેઠળ

### આરોપીઓની તપાસ ચાલુ પી.એસ.આઈ.

વિજયનગરના ખારીબેડી જંગલ વિસ્તારમાં વન કર્મચારીઓનો રસ્તો અવરોધી પથ્થરમારો કરવાની ઘટનાથી વન કર્મીઓ ભયના ઓથાર હેઠળ આવી ગયા છે. વિજયનગર પી.એસ.આઈ. જે. જે. ચાવડાનો ટેલિફોનિક સંપર્ક કરતાં સદર ઘટનાના આરોપીઓને પકડવા પોલીસે તેમના રહેણાંકના સ્થળે તપાસ કરી હોવા છતાં મળી આવ્યા નથી અને આરોપીઓને પકડાવ માટે પોલીસ દ્વારા તપાસ જારી હોવાનું જણાવ્યું હતું.





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦
વિજયનગર તાલુકાના ખારીબેડીના અનામત જંગલ વિસ્તારમાં તાજેતરમાં વન કર્મીઓનો રસ્તો અવરોધી ટોળાએ પથ્થરમારો કરતાં તંગદિલીનો માહોલ ઉભો થયો હતો. હુમલો કરનારાઓ સામે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા પછી આરોપીઓ ફરાર થઈ ગયા છે. જ્યારે વન વિભાગે ૧૦ એસ.આર.પી. જવાનોની સુરક્ષા સાથે જંગલ વિસ્તારમાં હદબાણની કામગીરી શરૂ કરી છે. આરોપીઓને પકડવા માટે પોલીસે તેમના રહેણાંકના સ્થળોએ તપાસ કરી હોવા છતાં મળી આવ્યા નથી જેથી ગમે ત્યારે ફરી હુમલાની આશંકા વ્યક્ત થઈ છે.

તાલુકાના જંગલ વિસ્તારમાં હદબાણ ઉભા કરવામાં વન વિભાગ અને સ્થાનિક ખેડૂતો સાથે ગજગ્રાહ ગમે ત્યારે આગના સ્વરૂપમાં પ્રગટ થતો હોય છે. છેલ્લા કેટલાક દિવસોથી ખારીબેડીના જંગલ વિસ્તારમાં વન વિભાગ દ્વારા અગાઉ થયેલ હદ દબાણની કામગીરી સમયે સ્થાનિકો સાથે ઘર્ષણ થયું હતું જેમાં વિભાગે કાયદેસરની કાર્યવાહી કરી હતી. દરમ્યાન તેની અદાવતમાં દીતાજી હીરાજી ગમાર અને અન્ય ઈસમોના ટોળાએ વન કર્મચારીઓના અવર જવરના રસ્તા ઉપર પથ્થરો ગોઠવી દીધા પછી છૂટો પથ્થરમારો કરતાં વન કર્મચારીઓ ડઘાઈ ગયા હતા.

ઉશ્કેરાયેલા ટોળાએ જાનથી મારી નાખવાની ધમકી આપતાં વિભાગ દ્વારા આ અંગે વિજયનગર પોલીસ સ્ટેશને ફરિયાદ આપવામાં આવી હોવા છતાં હજુ સુધી આરોપીઓ પકડાયા ન હોવાના કારણે હદબાણની કામગીરી કરતા વન કર્મીઓ ભયના ઓથાર હેઠળ છે.

હદબાણ મુદ્દે છેલ્લા ઘણા સમયથી ચાલતા ઝઘડા અને ઘર્ષણ જેવી સ્થિતિના કારણે વન વિભાગે ૧૦ એસ.આર.પી. જવાનોના સુરક્ષા પ્રબંધ સાથે હદબાણ બનાવવાની કામગીરી ચાલુ રાખી છે પરંતુ આરોપીઓ પકડાયા ન હોવાના કારણે કામ કરનાર વન કર્મચારીઓ તેમજ અન્ય શ્રમજીવીઓ અંદરખાને ફફડી રહ્યા છે.

### ખારીબેડી હુમલા પ્રકરણ: ચૂસ્ત બંદોબસ્ત વચ્ચે જંગલ જમીનનું સીમાંકન સંપન્ન

વિજયનગરના ખારીબેડીના જંગલ વિસ્તારમાં જંગલની હદ બાબતે સ્થાનિક ટોળા સાથે અગાઉ થયેલ ઘર્ષણની અદાવત રાખી ગત રોજ વન કર્મચારીઓની અવર જવરનો રસ્તો અવરોધી ટોળાએ પથ્થરમારો કર્યાની ઘટનાથી સનસનાટી મચી હતી. એસ.આર.પી. જવાનોની સુરક્ષા છતાં ટોળું આક્રમક બનતાં શનિવારે આર. એફ. ઓ. જે. એમ. વાઘેલા સહિત ઉચ્ચ વન અધિકારીઓ, વિજયનગર પી.એસ.આઈ. જે. જે. ચાવડા તેમજ એસ. આર. પી.ના જવાનોના ચૂસ્ત બંદોબસ્ત વચ્ચે બંધ કરવામાં આવેલ હદબાણની કામગીરી શરૂ કરાવી સીમાંકન શાંતિપૂર્વક રીતે પૂર્ણ કરવામાં આવતાં સૌ કોઈએ રાહત અનુભવી છે.

## ચોમાસુ આવ્યું સાથે રોગચાળો લાવ્યું : જિલ્લામાં અખાદ્ય ચીજવસ્તુના નમૂના લેવામાં તંત્રને "અપચો"

### કોરોના કાળની શરૂઆત બાદ કામગીરી ઠપ્પ, અખાદ્ય ચીજવસ્તુથી રોગચાળો વકરશે એ નક્કી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચોમાસાના આરંભ પછી વરસાદ ખેંચાયો છે. વાતાવરણમાં અસહ્ય બફારો અનુભવાતાં જનજીવન ત્રાહી ત્રાહી પોકારી ગયું છે. મચ્છર અને પાણીજન્ય રોગચાળાની દહેશત સેવાય છે છતાં બંન્ને જિલ્લામાં ફુડ વિભાગને અખાદ્ય ચીજવસ્તુઓના નમૂના લેવામાં અપચો થયો હોય તેવી સ્થિતિ છે. કોરોના કાળની શરૂઆતમાં તંત્રએ નમૂના લેવાની દેખાડારૂપ કામગીરી કર્યા પછી હાલમાં સેમ્પલ એકત્ર કરવાની કામગીરી મંદ પડી છે. જેથી અખાદ્ય ચીજવસ્તુઓ આરોગવાથી રોગચાળો વકરવાની દહેશત છે.

ચોમાસાની સીઝનમાં વાયરલ બિમારીઓ માથું ઉંચકતી હોય છે. આરોગ્ય તંત્ર રોગચાળાને ઉગતો ડામવા માટે પ્રયત્નશીલ રહેતો હોય છે પરંતુ અખાદ્ય ચીજવસ્તુઓ આરોગવાથી પ્રજા અચૂક બિમારીનો ભોગ બનતી હોય છે. પ્રજાને અખાદ્ય ચીજવસ્તુઓ પધરાવનારાઓ સામે કાર્યવાહી કરવા માટે ફુડ વિભાગ કાર્યરત છે પરંતુ હમણાંથી બંન્ને જિલ્લામાં તંત્રની કામગીરી બેઅસર જણાય છે. કોરોના કાળના શરૂઆતના દિવસોમાં સંક્રમણ અટકાવવા માટે આરોગ્ય વિભાગ સાથે ફુડ વિભાગ પણ મેદાને પડ્યું હતું જેમાં અખાદ્ય ચીજવસ્તુઓનો નાશ કરી શંકાસ્પદ સ્થળોએથી સેમ્પલ લેવામાં આવ્યાં હતાં પરંતુ હવે કામગીરી કાગળ ઉપર ચાલતી હોય તેવી સ્થિતિ છે. વરસાદના આરંભ સાથે વાયરલ બિમારીઓએ માથું ઉંચક્યું છે તેવા સમયે અખાદ્ય ચીજવસ્તુઓના નમૂના લેવામાં તંત્ર આશ્ચર્યજનક રીતે સુસ્ત બન્યું છે.

સરકારે કોરોનાનું સંક્રમણ ઘટતાં અનલૉકની અમલવારી શરૂ કરી ત્યારથી ખાણી-પીણીના સ્ટોલ ધમધમવા લાગ્યા છે જેમાં સ્વચ્છતાના નિયમો નેવે મૂકાઈ ગયા છે. માખીઓની ઉડાઉડ ખાણીપીણીના સ્થળોએ ચોમાસા દરમ્યાન વધી છે જેથી અખાદ્ય ખોરાક આરોગવાથી પ્રજા ઝાડા-ઊલટી સહિતના રોગચાળામાં પટકાય તેવી સંભાવના છતાં તંત્ર સેમ્પલ લેવા માટે મુહર્તની રાહ જોઈ રહ્યું છે.

### ટૂંક સમયમાં સેમ્પલ લેવાની કામગીરી : ફૂડ વિભાગ

અરવલ્લી જિલ્લા ફૂડ વિભાગનો સંપર્ક કરતાં આગામી ટૂંક સમયમાં જ અખાદ્ય ચીજવસ્તુઓના સેમ્પલ લેવાની કામગીરી શરૂ કરવામાં આવશે. હાલમાં કોરોનાના કારણે ખાણી-પીણીના મોટાભાગના ધંધા બંધ હતા જેથી તંત્ર દ્વારા વધુ સેમ્પલ લેવાની કામગીરી થઈ શકી નથી પરંતુ તા.૧૨ જુલાઈથી તપાસ કરીશું તેમ જણાવ્યું હતું.

## જી.એસ.ટી. વિભાગના રાજ્ય વ્યાપી દરોડા

# સાબરકાંઠાના પ્રાંતિજમાં ૫૭૭ કરોડનું બોગસ બીલીંગ કૌભાંડ

### બોગસ બીલીંગ મુદ્દે મહિલાની ધરપકડ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦
રાજયના જી.એસ.ટી. વિભાગ દ્વારા અલગ અલગ સ્થળોએ દરોડા પાડી રૂા.૧૦૦૦ કરોડથી વધુનું બોગસ બીલીંગ કૌભાંડ પકડી પાડવામાં આવ્યું છે. સાબરકાંઠાના પ્રાંતિજની મહિલા મીનાબેન રાઠોડે જુદી જુદી ૨૪ પેઢીઓમાં કુલ-૫૭૭ કરોડનું બોગસ બીલીંગ થકી કૌભાંડ આચર્યુ હોવાનું સામે આવતાં ખળભળાટ મચ્યો છે. જી.એસ.ટી. વિભાગની તપાસમાં ભાવનગરનો અને હાલ અમદાવાદ રહેતો અફઝલ સવજાણી નામનો ઈસમ બોગસ કંપનીઓ ઓપરેટ કરી બીલીંગ કૌભાંડ કરતો હોવાની બાતમીના આધારે ગુપ્ત રાહે તપાસ શરૂ કરવામાં આવી હતી જેમાં તેની સાથે પ્રાંતિજની મહિલાની પણ ધરપકડ કરવામાં આવતાં સનસનાટી મચી છે.

જી.એસ.ટી. વિભાગની એન્ફોર્સમેન્ટ વિંગ દ્વારા ભાવનગર, રાજકોટ અને અમદાવાદમાં વ્યાપક દરોડા પાડી કરોડોનું બીલીંગ કૌભાંડ ઝડપી લીધું છે. હજુ પણ તપાસનો દોર ચાલુ છે અને બોગસ બીલીંગ કૌભાંડનો આંક હજુ વધવાની શકયતાઓ વચ્ચે વિભાગના અધિકારીઓએ સાબરકાંઠાના પ્રાંતિજમાં જુદી જુદી પેઢીઓના નામે બોગસ બીલીંગ આચરવામાં આવ્યું હોવાની મળેલ બાતમીના આધારે ઓચિંતિ તપાસ હાથ ધરી હતી જેમાં પ્રાંતિજની મીનાબેન રાઠોડે ૨૪ જેટલી પેઢીઓમાં બોગસ બીલના આધારે રૂા.૫૭૭ કરોડનું કૌભાંડ આચર્યુ હોવાનું જણાઈ આવતાં જી.એસ.ટી. વિભાગ દ્વારા મહિલાની ધરપકડ કરી અલગ અલગ પેઢીઓ કોના કોના નામે કાર્યરત છે..?? પેઢી માલિકો કેટલા સમયથી બોગસ બીલીંગ આચરી રહ્યા છે, તેની સાથે ૨૪ પેઢીઓના આર્થિક વ્યવહારોની ઉંડી તપાસ શરૂ કરવામાં આવી છે, જી.એસ.ટી. વિભાગ દ્વારા ઓચિંતા દરોડા પાડી બોગસ બીલીંગ કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે જેથી જી.એસ.ટી. વિભાગની આંખમાં ધૂળ નાખી બીલીંગ કૌભાંડ આચરનારા પેઢી સંચાલકોમાં ફફડાટ વ્યાપ્યો છે.

## છાશ ફૂંકીને પીવી પડશે : સાબરડેરી દ્વારા છાશના ભાવમાં રૂા.૧ નો ઓચિંતો વધારો

### વિતરકોને ભાવ વધારાની મેસેજથી જાણ કરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦
દૂધના ભાવમાં વધારો થવાથી ચા નો સ્વાદ બેસ્વાદ બન્યો છે ત્યાં હવે છાશ પણ ફૂંકી ને પીવી પડે તેવું જણાઈ રહ્યું છે. સાબરડેરી દ્વારા ૫૦૦ ગ્રામ છાશના ભાવમાં રૂા.૧ નો ઓચિંતો વધારો કરવામાં આવ્યો છે. શનિવારે અમૂલ છાશના વિતરકોને ડેરી દ્વારા મેસેજ કરી રૂા.૧ ના ભાવ વધારાની જાણકારી આપવાની સાથે રૂા.૧૨ ની છાશની થેલીના રૂા.૧૩ વસુલવા જણાવવામાં આવ્યું છે. જો કે ડેરી સત્તાવાળાઓ દ્વારા દૂધ-છાશના ભાવમાં વધારો કરાયા પછી પણ વિતરકોના કમીશનમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી જેથી કેટલાક અમૂલ પાર્લર સંચાલકોમાં નારાજગી જોવા મળી રહી છે.

જિલ્લામાં દૂધના ભાવ વધારા પછી આગામી તહેવારોમાં માવાની મીઠાઈ મોંઘી થવાના અણસાર છે. ચા ની ચૂસ્કી દૂધના વધેલા ભાવ પછી પરવડે તેમ ન હોવાથી અનેક પરિવારોમાં ચા ના વપરાશ ઉપર કાપ મૂકવાની ફરજ પડી છે. જ્યારે કીટલીના સંચાલકોએ પણ દૂધના ભાવ વધારાનું કારણ આગળ ધરી અડધી રૂા.૫ ની ચા માં રૂા.૨ નો વધારો કર્યો છે. જ્યારે હવે બાકી રહી જતું હોય તેમ કાળઝાળ ગરમીમાં અમૃત ગણાતી છાશ કડવી બની શકે છે. સાબરડેરી દ્વારા શનિવારે છાશના ભાવમાં એકાએક વધારો કરવામાં આવ્યો છે. અગાઉ રૂા.૧૨નો ૫૦૦ ગ્રામ છાશનો ભાવ હતો જે વધીને ૧૩ કરવામાં આવ્યો છે. સાબરડેરી દ્વારા ભાવ વધારાની સત્તાવાર જાણકારી છાશના વિતરકોને મોબાઈલ મેસેજ દ્વારા આપવામાં આવી છે. અગાઉ દૂધનો ભાવ વધારો અને હવે છાશમાં સીધો ૧ રૂા.વધારી દેવામાં આવતાં ખુદ છાશના વિતરકોએ આંચકો અનુભવ્યો છે. કારણ કે છાશના ૨૪ પાઉચ વેચ્યા પછી માંડ રૂા.૧૪ કે ૧૫ વિતરકને કમીશન મળતું હોય છે. કમીશન વધારવાની વાત ડેરી દ્વારા સ્વીકારવામાં હજુ સુધી આવી નથી અને હવે છાશમાં ભાવ વધારો કર્યો છે જેથી અનેક વિતરકો આગામી સમયમાં કમીશન વધારવા માટે ડેરી સમક્ષ માંગ કરી શકે છે.




### રડોદરાના તબેલામાંથી ૧.૩૦ લાખનાં બે પશુ ચોરાયાં

બાયડ, તા. ૧૦
બાયડ તાલુકાના રડોદરામાં પશુપાલક અશોક મગનભાઈ પટેલના તબેલામાં ગત રાત્રિના સમયે ત્રાટકેલા પશુ તસ્કર દોઢ લાખની કિંમતની ૨ ભેંસ ચોરી પલાયન થઈ જતાં પશુપાલકોમાં ચિંતા ફેલાઈ છે. બનાવ અંગે બાયડ પોલીસે પશુ તસ્કરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જિલ્લામાં પશુ તસ્કરો બેફામ બની ગયા છે. પોલીસ પશુ તસ્કરીના ગુના દર્જ કરી સંતોષ માની રહી છે જેના કારણે રોજ પશુઓ ચોરાઈ જવાની ઘટનાઓ સામે આવી છે. તાલુકાના રડોદરામાં પશુપાલકના તબેલામાં રાત્રિના સમયે પ્રવેશી કોઈ પશુ તસ્કરોએ ૨ પશુઓની તસ્કરી કરી હતી. સવારે તબેલામાં ૨ પશુઓ ગાયબ જોતાં પશુપાલકે ધ્રાસ્કો અનુભવ્યો હતો. રાત્રિના સમયે ચોક્કસ ટોળકી પશુઓને વાહનમાં નાખી ફરાર થઈ ગઈ હોવાનું જણાઈ આવતાં પોલીસને જાણ કરવામાં આવી છે.

# મોડાસા એસ.ટી. ડેપોમાં મહિલા મુસાફર પાસેથી શંકાસ્પદ માંસ ઝડપાયું

### ગૌ માંસ હોવાની આશંકા સાથે તપાસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦
મોડાસાના હંગામી એસ.ટી. ડેપોમાં ગત રોજ અમદાવાદની મહિલા મુસાફર ફરીદા જફરઈમામ શેખ બે થેલામાં શંકાસ્પદ માંસના જથ્થા સાથે પોલીસના હાથે ઝડપાઈ જતાં તપાસ શરૂ કરવામાં આવી છે. ગૌ માંસ હોવાની આશંકા સાથે પોલીસે માંસ કયા પ્રાણીનું છે તે જાણવા માટે એફ.એસ.એલ.ની મદદ લીધી છે. બનાવ અંગે મોડાસા ટાઉન પોલીસે જાણવા જોગ નોંધ લઈ તપાસ શરૂ કરી છે.

જિલ્લામાં ગૌ વંશને કતલખાનાઓમાં ધકેલવાની પ્રવૃત્તિ વેગમાં ચાલી રહી છે. કસાઈઓને પોલીસનો ડર રહ્યો નથી જેથી ગેરકાયદેસર કતલખાનાં ધમધમી રહ્યાં છે. પશુઓની ગેરકાયદેસર હેરાફેરી ઉપરાંત હવે શંકાસ્પદ વાહનોમાં માંસની હેરાફેરીમાં વધારો થયો છે તેમાંય સલામત ગણાતી એસ.ટી. બસમાં દેશી-વિદેશી દારૂ સાથે માંસના જથ્થાની હેરફેર સામાન્ય બની છે.

અમદાવાદના પ્રેમ દરવાજા, કાલુપુર વિસ્તાર, ઈદગાહ પુલ નીચે રહેતી મહિલા તા.૯ના રોજ તેની સાથેના બે થેલા સાથે અમદાવાદથી એસ.ટી. બસ દ્વારા મોડાસા ડેપોમાં આવી હતી જે દરમ્યાન પોલીસ દ્વારા થેલાની તપાસ કરવામાં આવતાં માંસનો જથ્થો મળી આવ્યો હતો. પ્રારંભિક તપાસમાં ગૌ માંસ હોવાની આશંકા જણાતાં પોલીસ દ્વારા માંસનો જથ્થો જપ્ત કરી તપાસ માટે એફ.એસ.એલ.ને મોકલી આપવામાં આવ્યો છે.

# હિંમતનગરના દેરોલ ખાતે ૪૯૦.૮૮ લાખના ખર્ચે નિર્મિત ૬૬ કે.વી. સબસ્ટેશનનું સાંસદના હસ્તે લોકાર્પણ

બાયડ તા.૧૦
હિંમતનગરના દેરોલ ખાતે ઊર્જા મંત્રી, સૌરભભાઈ પટેલનાં પ્રેરક માર્ગદર્શન હેઠળ તથા ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાની શુભેચ્છાથી ૬૬ કેવી સબસ્ટેશનનું લોકાપર્ણ દેરોલ ખાતેથી સાંસદસભ્ય દિપસિંહ રાઠોડના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાંસદસભ્ય એ જણાવ્યુકે ભૂતકાળની સરકારમાં લાઈટના અભાવે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો જેને હાલના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની દિધર્દ્રષ્ટીથી રાજયના ૧૮ હજાર ગામડાઓમાં વિજળીની સુવિધા પ્રાપ્ત થઈ ચુકી છે. વધુ તેમણે જણાવ્યું હતું કે, વરસાદ, વાવાઝોડા સહીતના આફતના સમયે જેટકો અને યુ.જી.વી.સી.એલ. નાં અધિકારી/કર્મચારીઓ દ્વારા જીવના જોખમે પણ આપણને વિજળી મળી રહે તે માટેની કામગીરી કરતા હોય છે આ કામગીરી અતિ સરાહનીય છે. રાજ્ય સરકાર દ્વારા વધુ એક



જાહેરાત કરવામાં આવી કે હવે સિંચાઈ-પાણી માટે સમસ્યા ન રહે તે હેતુસર રાજ્યના ખેડૂતોને ૭ જુલાઈથી ૨ કલાક વધારીને ૮ કલાકના બદલે ૧૦ કલાક વિજળી મળવાપાત્ર થઈ છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, આગામી ત્રણ વર્ષ માટે કિસાન સૂર્યોદય યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા રૂ.૩૫૦૦ કરોડનું બજેટ મંજુર કરાયેલ છે. જીલ્લાની ભોગૌલિક પરિસ્થિતિ, ઔધોગિક વિજમાં ખેતીવાડી માટે સિંચાઈની સુવિદ્યા માટે વીજળીની જરૂરિયાતોને ધ્યાનમા લઈ ભવિષ્યની વીજ માંગને પહોચી વળવા જેટકો દ્વારા હાલમાં સાબરકાંઠા જિલ્લામાં હાલ ૬૬કે.વી.ના ૫૬ સબસ્ટેશન કાર્યાન્વિત કર્યા છે.

દેરોલ ખાતે રૂ.૪૯૦.૮૮ લાખના ખર્ચે તૈયાર ૬૬ કે.વી સબસ્ટેશન થવાથી આજુબાજુના ૧૫ કિલોમીટર વિસ્તારમાં આવેલ અંદાજે ૧૫ ગામોના ખેતીવાડી ,રહેઠાણ અને ઔદ્યોગિક અંદાજે ૭૫૦૦ ગ્રાહકોને સતત ગુણવત્તા સભર વિજળી થી વધુ સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહેશે.